દાખલ તારીખ : ૧૩/૧૦/૨૦૨૨
રજીસ્ટર તારીખ : ૧૩/૧૦/૨૦૨૨
નિકાલ તારીખ : ૧૭/૧૦/૨૦૨૨
સમય અવધિ:
વર્ષ: ૦૦ માસ: ૦૦ દિવસ: ૦૪

**દેવભુમિ ધ્વારકા જીલ્લાના બીજા એડી.સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મું.ખંભાળીયા.**

**ફો.પ. અ. નં. ૨૮૧/૨૦૨૨**
**આંક– ૦૪**

પ્રદિપસિંહ કરશનભાઈ ડોડીયા,
ઉ.વ.આ.૨૭,ધંધો નોકરી,
રહે.સિધ્ધિવિનાયક સોસાયટી,મુ.ભાણવડ
મુળ રહે.અનુપમ સોસાયટી,૮૦ ફુટ રોડ,સુરેન્દ્રનગર
હાલ જીલ્લા જેલ જામનગર. ...અરજદાર.

**વિરુધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર**
થ્રુ ડી.જી.પી. સાહેબ,
દેવભુમિ ધ્વારકા, મુ. ખંભાળીયા. ...સામાવાળા.

---

અરજદાર તરફે વિ. વકીલશ્રી યુ.ડી.ચાવડા
સામાવાળા સરકાર તરફે વિ. પી.પી.શ્રી એલ. આર. ચાવડા

---

## --: <u>ચુકાદો</u> :--

(૧) હાલની અરજી અરજદાર આરોપીએ સી.આર.પી.સી. કલમ ૪૩૯ હેઠળ જામીન મુકત થવા માટે કરેલ છે તેની ટુંક વિગત જોઈએ તો અરજદાર આરોપીને ભાણવડ પોલીસ સ્ટેશન પાર્ટ 'એ' ગુ.ર.નં. ૧૧૧૮૫૦૦૧૨૨૦૮૬૧ /૨૦૨૨, આઈ. પી. સી. કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબના કામે અટક કરેલ હોય હાલના અરજદાર/આરોપી

જયુડીશ્યલ કસ્ટડીમાં છે.

(૨) સદર કામે ગુનાની એફ.આઇ.આર. હકીકત ટૂંકમાં ધ્યાને લઇએ તો નવરાત્રી ના ફરીયાદી ગામમા આરોપી તથા સરપંચ ધ્વારા નવી સ્ટ્રીટ લાઈટ નાખવામા આવેલ હોય ફરીયાદીએ આરોપી ને જુની સ્ટ્રીટ લાઈટ બાબતે પુછતા આરોપી ને સારુ નહી લાગતા આરોપી ઉશ્કેરાઈ જઈ ફરીયાદી ને મોઢા ના ભાગે નાક ઉપર મુકકો મારતા ફરીયાદી ભાઈ વચે પડતા તેને છરી વડે ઈજા કરી નાક ના ભાગે છરી ના ઘા કરી જે જાનથી મારી નાખવાના ઈરાદે કરી જીવલેણ અને ગંભીર ઈજાઓ પહોચાડેલ તે આ કેસ ની ટુક હકીકત છે.

(૩) સદર કામે અરજદાર/આરોપી તરફે મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે અમો આરોપી બનાવ ને બીજે દિવસે સવારે જાતે પો.સ્ટે.મા હાજર થયા છીએ અને ફરીયાદ જોયે તો હાથ અને સાથળ ઉપર છરી થી ઈજાની વાત છે તેમા કોઈ જગ્યાએ કોઈ ગંભીર મહત્વના શરીરના ભાગ ઉપર ઈજા નથી મહતમ ગુનો ૩૨૪ નો જ થાય છે અમે સરકારી કર્મચારી છીએ ફરીયાદ પક્ષ રાજકીય માણસ છે માત્ર સામાન્ય ઈજા મા ખોટી રીતે માત્ર જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો તેટલા શબ્દો ના આધારે આઈ.પી.સી.કલમ ૩૦૭ લગાડેલ છે પરંતુ તેનો કોઈ પુરાવો નથી અમને ૨૦૧૬ નો જે ગુનો બતાવેલ છે તેમા સક્ષમ અદાલતે નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે અમે કયાંય નાસી ભાગી જાય તેમ નથી અને ઈજા પામનાર ને માત્ર ટાકા લીધા ની ઈજા આવેલ છે તે સારવાર મુકત છે અને આ કેસના સંજોગો જોતા અમોએ યોગ્ય શરતો ને આધિન જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે સરકાર તરફે ત.ક.અમલદારશ્રીએ વાંધા સોગંદનામુ રજુ કરેલ છે તથા એ.પી.પી.શ્રી એ પોલીસના સોગંદનામાને વળગી રહી અરજી સામે ગંભીર વાંધો લઈ આ કામના ફરીયાદી તાલુકા પંચાયત ના પ્રમુખ છે અને લોક હીત મા આરોપી તલાટી મંત્રી સાથે વાત કરે છે ત્યારે તલાટી મંત્રી ઉશ્કેરાઈ જઈ ને તેમને ઘુમ્બો મારે છે તેના ભાઈ વચે પડતા છરી થી હુમલો કરે છે આ વાત તલાટી મંત્રી જેવા સરકારી નોકરીયાત માટે આ વર્તણુક ખુબ વધુ પડતી હોય અને તેઓ પ્રાણઘાતક હથીયાર છરી સાથે ફરે છે આડેધડ છરી ના ઘા મારે છે તેથી ગુના ની ગંભીરતા ધ્યાને લઈ અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) આ કામે અરજદાર/આરોપીના પક્ષની દલીલો, એ.પી.પી.શ્રીની દલીલો, ત.ક.અમલદારનુ સોગંદનામુ તપાસ પેપર્સ ધ્યાનથી વંચાણે લેવામાં આવ્યા. આ કામે જામીન અરજી નકકી કરતી વખતે કાયદામાં માનવા યોગ્ય કારણ તેવા શબ્દો કાયદાએ આપ્યા છે તેના ઉપર ભારણ આપવાનુ છે નહી કે "પુરાવાઓ" તેનો અર્થ એ થાય કે કોર્ટે આરોપી સામે કેસ છે કે નહી તે જ જોવાનુ છે. જામીન અરજી વખતે ફરીયાદ પક્ષે નિઃશંકપણે સાબિતીનુ ભારણ ન હોય માત્ર ફરીયાદપક્ષે પ્રાથમિક યોગ્ય કેસ છે કે નહી જે અંગે ચાર્જ પછી પુરાવા આપી શકાય તે લક્ષમાં લેવાનુ છે. તે જ રીતે કયાં આરોપીએ ગુન્હામાં કેવો, કેટલો, શું ભાગ ભજવ્યો છે તેના ઉંડાણમાં પણ જવાની જરૂર નથી. માત્ર પ્રાથમિક આરોપીની ગુન્હામાં સંડોવણી હોય તે પુરતુ છે. આ કામે રેકર્ડ પર કેસ જોતાં આ કામમા ઈજા પામનાર ની ઈજા ઈજાપામનાર સારવાર મુકત છે તે બાબત અને ઈજાની જગ્યા ધ્યાને લીધી આ કામે આરોપી સામે ટ્રાયલ ચાલે તેમા સમય જાય

તેમ હોય અને આરોપી સરકારી નોકરીયાત હોય ટ્રાયલ વખતે હાજર રહે તે માટે તેના ઉપર યોગ્ય શરતો મુકીને તેને સી.આર. પી.સી. કલમ ૪૩૯ હેઠળની વિવેક બુદ્ધીની સત્તા વાપરી જામીન મુકત કરવા યોગ્ય કેસ જણાઇ આવતો હોય સદર અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) દરેક અરજદાર/આરોપીને ભાણવડ પોલીસ સ્ટેશન પાર્ટ 'એ' ગુ.ર.નં. ૧૧૧૮૫૦૦૧૨૨૦૮૬૧/૨૦૨૨, આઈ. પી. સી. કલમ- ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ૧૩૫(૧) મુજબના ગુન્હાના કામે રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-: શ ર તો :-**

(૧) અરજદાર/આરોપીએ કોર્ટ સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું પુરેપુરું સરનામું અને મોબાઈલ/કોન્ટેકટ નંબર રજુ કરવા અને તેમાં કોઈ ફેરફાર થયે તપાસ કરનાર અધિકારીને જાણ કરવી.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના કોઈ સાહેદોનો કોઈપણ રીતે સીધી કે આડકતરી રીતે સંપર્ક કરવાનો, અથવા તો સાહેદોને ધાક-ધમકી કે દબાણ લાવવાનો કોઈ પ્રયાસ કરવો નહી અથવા તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવાનો કોઈ પ્રયત્ન કરવો નહી.

(૩) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે સબંધીત કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામુ રજુ કરવું.

(૪) આ કામના અરજદાર/આરોપીએ અદાલત સમક્ષ ટ્રાયલ ચાલતા દરમ્યાન દર મુદૃતે નિયમિત હાજર રહેવું.

(૫) અરજદાર આરોપીએ જામીન મુકત થયા બાદ ૩ માસ સુધી દર અંગ્રેજી મહીનાની ૧ થી ૫ તારીખમાં સબંધીત પો.સ્ટે.માં હાજરી પુરાવવાની રહેશે.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/આરોપીના જામીન રદ્દ થવાપાત્ર ઠરશે.
– આ હુકમની યાદી સંબંધિત કોર્ટ તથા સબંધીત પો. સ્ટે.માં મોકલી આપવી.

હુકમ આજ તા. ૧૭ મી માહે ઓકટોમ્બર, ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૧૦/ ૨૦૨૨
ખંભાળીયા

(દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)
બીજા અધિક સેશન્સ જજ,
દેવભુમિ ધ્વારકા, મુ. ખંભાળીયા
Code No. G.J.00612